નં.જમન–૧–જસદણ–ફા.નં.૧૨૧/૧૯

કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન,
જામ ટાવર સામે, શ્રોફ રોડ,રાજકોટ
પીન:૩૬૦૦૦૧. ફેકસ–૨૪૫૩૬૨૧
Email:collector-raj@gujarat.gov.in
તા. ૨૮ /૦૯/૨૦૧૫

વિષય : – **જમીન : કનેસરા, તા. જસદણ**
સ.નાં. ૫૮૦ પૈકી ૨ માંથી જમીન હે.૧–૦૦–૦૦ ચો.મી. જમીન કનેસરા–૨ જળસંપતિ યોજનાની ડુબમાં આવતી જંગલખાતાની જમીનનાં બદલે તબદીલ કરવા બાબત.
**કાર્યપાલક ઈજનેરશ્રી, રાજકોટ સિંચાઈ યોજના વિ. રાજકોટ.**

વંચાણે લીધા :
(૧) ગુજરાત જમીન મહેસુલ નિયમ –૧૯૭૨ નાં વહીવટી હુકમ નંબર–૩
(૨) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા.૧૮/૧/૨૦૦૮ નો પરીપત્ર ક્રમાંક : જમન–૩૯૦૭–૧૯૯૩–અ
(૩) અત્રેના હુકમ નં.જમન–૧–જસદણ–ફા.નં.૧૯૯/૧૦ તા.૧૭/૭/૨૦૧૩
(૪) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજકોટ સિંચાઈ યોજના વિભાગ, રાજકોટનાં તા. ૭/૭/૧૫ નાં પત્ર નાં. સીબી–૧/કનેસરા–૨ સિં.યો./જ.સં./ જંગલખાતું/૩૬૧૨/૨૬૧૫
(૫) પ્રાન્ત અધિકારીશ્રી, જસદણનાં પત્ર નં. પ્રાક/જમન/વશી/૧૭૧૦/૨૦૧૫ તા.૧૯/૯/૧૫નાં નો અભિપ્રાય.

OFFICE OF THE COLLECTOR, RAJKOT DIST. GUJARAT STATE
કલેક્ટર કચેરી, રાજકોટ જિલ્લો ગુજરાત રાજ્ય

**– :: વહીવટી હુકમ :: –**

જસદણ તાલુકાનાં કનેસરા ગામનાં સ.નાં. ૩૪૮ પૈકીની જમીન હે.૮–૫૯–૯૬ ચો.મી. તેમજ સ.નાં. ૫૮૦ પૈકી ૨ ની હે.૦–૯૪–૦૦ ચો.મી. મળીને કુલ જમીન હે.૯–૫૩–૯૬ ચો.મી. કનેસરા નાની સિંચાઈ યોજનામાં જંગલ ખાતાનાં સ.નં.૨૯૭ પૈકીની હે.૯–૫૩–૯૬ ચો.મી. ડુબમાં આવતી હોવાથી બદલાનાં ધોરણે ડુબમાં જતી જમીનની સામે તેટલી જ જમીન વનખાતાને આપવા માટે દરખાસ્ત અન્વયે અત્રેના સમાન ક્રમાંકના વંચાણ–(૩) માં દર્શાવેલ હુકમથી સરકારશ્રીનાં વન અને પર્યાવરણ વિભાગ હસ્તે નાયબ વન સંરક્ષકશ્રી, રાજકોટ વન વિભાગ, રાજકોટને વહીવટી હુકમ નં.–૩ હેઠળ તબદીલ કરવા હુકમ કરવામાં આવે છે.

જે હુકમ બાદ સ.નં.૩૪૮ નું જમીનની માપણી થતા માપણી પ્રમાણે સ.નં.૩૪૮ નું ક્ષેત્રફળ હે.૮–૨૦–૫૯ ચો.મી. થાય છે. તથા સ.નં.૫૮૦ પૈકીની ક્ષેત્રફળ હે.૦–૯૪–૦૦ ચો.મી. થાય છે. તેમ બતાવી ખુટતી જમીન સ.નં.૫૮૦ પૈકી ૨ માંથી હે.૧–૦૦–૦૦ ચો.મી. જમીનનો વિસ્તાર જંગલ ખાતાને તબદીલ કરવા માટે વંચાણ (૪) તળેની ના પત્ર થી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજકોટ સિંચાઈ યોજના વિભાગ, રાજકોટએ અરજી થી માંગણી કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, ની દરખાસ્ત મુજબ જંગલ ખાતાને જમીન હે.૯–૫૩–૯૬ ચો.મી. ડુબમાં જાય છે. તેટલી જમીન સરકારી ખરાબાની ફાળવવા માટે દરખાસ્ત કરેલ. ઘટતી જમીનની પુરક દરખાસ્ત રજુ કરેલ છે. ક્ષેત્રફળની દષ્ટ્રીએ ચકાસણી કરતા જમીન હે.૦–૩૯–૩૭ ચો.મી. ક્ષેત્રફળ ઘટ આવે છે. પરંતુ માંગણીવાળી જમીનની તપાસ કરીને જમીન ઉપલબ્ધ કરાવી શકાય તેમ હોવાનું ચકાસી નાયબ કલેકટરશ્રી, જસદણનાં તા.૧૯/૦૯/૨૦૧૫નાં પત્રથી કનેસરા–૨ નાની સિંચાઈ યોજના અન્વયે ડુબમાં આવતી જંગલખાતાની જમીનના બદલામાં જસદણ તાલુકાનાં કનેસરા ગામના સ.નં.૫૮૦ પૈકી ૨ માંથી જમીન હે.૧–૦૦–૦૦ ચો.મી. તબદીલ કરવા અભિપ્રાય સહ દરખાસ્ત રજુ થયેલ છે.

T–9
5/10/15

સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા.૧૬/૧૧/૦૯નાં પત્ર ક્રમાંક : જમન–૨૨૦૯–૨૭૪–ગ ની વિગતે સરકારી કચેરીઓ, સરકારી રહેણાંકની કોલોનીઓ, સરકારી દવાખાનાઓ તથા સરકારી શાળાઓ માટે ૧ હેકટરની મર્યાદામાં જમીન ફાળવવાની સતા અત્રેને છે.

સબબ ઉપર કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના વિભાગ, રાજકોટની વંચાણ–(૪) નાં પત્રની માંગણી મુજબ કનેસરા–૨ નાની સિંચાઈ યોજના અન્વયે ડુબમાં આવતી જંગલ ખાતાની જમીનના બદલે



નાયબ વન સંરક્ષકની કચેરી
રાજકોટ વન વિભાગ

વંચાણ–(૩) ના હુકમથી ફાળવેલ જમીન પૈકી સ.નં.૩૪૮ નું માપણી પ્રમાણે ક્ષેત્રફળ હે.૮–૨૦–૫૯ ચો.મી. વન ખાતાને તબદીલ કરવા સુધારા હુકમ કરવામાં આવે છે. તથા

જસદણ તાલુકાનાં કનેસરા ગામનાં સરકારી સ.નાં. ૫૮૦ પૈકી ૨ ની જમીન માંથી જમીન હે.૧–૦૦–૦૦ ચો.મી. (પ્રકરણનાં પાના નંબર ૨૭ ઉપરનાં નકશા માં દર્શાવેલ મુજબની) કનેસરા–૨ નાની સિંચાઈ યોજના અન્વયે ડુબમાં આવતી જંગલ ખાતાની જમીનના બદલે સરકારશ્રીનાં વન અને પર્યાવરણ વિભાગ હસ્તે નાયબ વન સંરક્ષકશ્રી, રાજકોટ વન વિભાગ, રાજકોટને વહીવટી હુકમ નં.–૩ હેઠળ તબદીલ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

–:: શરતો ::–

(૧) અત્રેના તા.૧૭/૭/૧૩ તથા આ હુકમથી ફાળવેલ જમીન ડુબમાં આવતી જમીનનાં ક્ષેત્રફળ કરતા વધારે હોય, ભવિષ્ટમાં ઘટતી જમીનની સામે સરભર કરવાની રહેશે.
(૨) સવાલવાળી જમીન " શ્રી સરકાર" "સરકારશ્રીનાં વન અને પર્યાવરણ વિભાગ હસ્તે નાયબ વન સંરક્ષકશ્રી, રાજકોટ વન વિભાગ, રાજકોટ" તરીકે રહેશે.
(૩) પ્રશ્નવાળી જમીન જે હેતુ માટે આપવામાં આવેલ છે તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે.
(૪) જમીનનો બે વર્ષમાં ઉપયોગ કરવાનો રહેશે.
(૫) જમીનની માપણી ડી.આઈ.એલ.આર. પાસે કરાવીને હદ નિશાન ઉભા કરવાનાં રહેશે.
(૬) ઉપર્યુકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો જમીન આપવાનો હુકમ રદ કરીને જમીનનો કબજો પરત સંભાળવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
(૭) આ હુકમ મુજબ રેવન્યુ રેકર્ડમાં નોંધ દાખલ કરવાની રહેશે.

L
360001 30.09.2015
71EA 00121834

ભારત INDIA
POSTAGE
Rs 5.00
P671209

O.I.G.S.

સહી /– મનિષા ચંદ્રા
કલેક્ટર
રાજકોટ જિલ્લો

OFFICE OF THE COLLECTOR, RAJKOT DIST. GUJARAT STATE
કલેક્ટર કચેરી, રાજકોટ (જિલ્લો) ગુજરાત રાજ્ય

પ્રતિ,
કાર્યપાલક ઈજનેરશ્રી,
રાજકોટ સિંચાઈ યોજના વિભાગ,
૨/૬ જિલ્લા સેવા સદન–૨, રાજકોટ

ડીસ્પેચ કલાર્ક
કલેકટર કચેરી
રાજકોટ.

<u>નકલ રવાના</u> : –

૧) નાયબ સચિવશ્રી, (જમીન) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, રાજકોટ
૩) નાયબ વન સંરક્ષકશ્રી, રાજકોટ વન વિભાગ, રાજકોટ.
એ–રાજકૃતિ એપા. બીજો માળ, એરપોર્ટ રોડ, સદગુરૂ વાટીકા સામે, રાજકોટ
૪) પ્રાંત અધિકારીશ્રી, જસદણ
૫) મામલતદારશ્રી, જસદણ (પ્રકરણ સહ)
......હુકમની અમલવારી કરવા તેમજ આપનાં સંદર્ભ–૫ માં જણાવેલ પત્ર અન્વયે કે.જે.પી.ની રેકર્ડમાં અદ્યતન અમલવારી કરવા સારૂ.
૬) તાલુકા વિકાસ અધિકારીશ્રી, જસદણ
૭) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, સર્વે ભવન, રાજકોટ......સરકારી ખર્ચે માપણી કરવા સારૂ
૮) નાયબ મામલતદારશ્રી, ઈ–ધરા કેન્દ્ર, મામલતદાર કચેરી, જસદણ
૯) તલાટી કમ મંત્રીશ્રી, કનેસરા, તા.જસદણ
૧૦) સીલેકટ ફાઈલ

રવાના કર્યુ,

ચીટનીશ ટુ કલેકટર
રાજકોટ જિલ્લો